શ્રી સ્વામિનારાયણો વિજયતે

લક્ષ્મીપૂજા માટેની પૂર્વતૈયારી

પૂજા માટેની સામગ્રી

- બાજોઠ (નંગ-૧)
- બાજોઠ પર પાથરવા લાલ રંગનું કાપડ (લાલ ન મળે તો સફેદ પણ ચાલે)
- પંચમૂર્તિ બાજોઠ પર પધરાવવી
- પંચમૂર્તિની આગળ લક્ષ્મીજીનો સિકકો અથવા અન્ય સિકકા પધરાવવા (શકય હોય તો નાગરવેલના પાન ઉપર અથવા અન્ય કોઇ પણ પાન ઉપર પધરાવવા)
- દીવો (૩૦ મીનીટ ચાલે એટલું ઘી પૂરી રાખવું)
- આખા ફળો અને પુષ્પો ચારેય બાજુ ગોઠવી બાજોઠ શણગારવો
- એક થાળી
- થોડું પલાળેલું કંકુ ભરેલી વાટકી
- ચોખા ભરેલી વાટકી
- અબીર-ગુલાલની વાટકીઓ; અબીર-ગુલાલના હોય તો થોડી હળદર ભરેલી વાટકી
- પાણી ભરેલી વાટકી, તેમાં ચમચી પણ રાખવી
- એક ખાલી વાટકી
- નાડાછડી (ઘરના યજમાનોની સંખ્યા પ્રમાણે)
- પુષ્પની પાંખડીઓ
- તરભાણું (નાનું બાઉલ જેવું વાસણ કે જેમાં લક્ષ્મીજીનો સિકકો પધરાવી પંચામૃત સ્નાન કરાવી શકાય)
- પંચામૃતની વાટકી અને ચમચી. (દૂધ,દહીં,ઘી,મધ અને સાકર જુદી જુદી વાટકીમાં રાખી શકાય અથવા તો એક વાટકીમાં ભેગું કરવું)
- પંચામૃત સ્નાન બાદ લક્ષ્મીજીને સ્નાન કરાવવા ગરમ પાણીથી ભરેલો જગ.
- નેપકીન (લક્ષ્મીજીને લુછવા ધોયેલો, સારો, જુદો રાખવો)
- ભગવાનને ધરાવવા મીઠાઇની ડીશ, મુખવાસની નાની વાટકી, જુદા પ્યાલામાં પાણી
- આરતી (બધા યજમાનની જુદી રાખી શકાય અથવા એક આરતી વારાફરતી બધા ઉતારે), દીવાસળી, ઘંટડી

૧. અહી દર્શાવ્યા પ્રમાણે ઘરમંદિરની સામે આવી રીતે તૈયારી કરી પૂજા કરવા બેસવું. અથવા તો અન્ય રૂમમાં ટી.વી., કોમ્પ્યુટર કે ટેબ્લેટ સામે બેસીને પૂજા કરવા બેસવું.
૨. દરેક વ્યક્તિએ પૂજામાં સ્નાન કરી સ્વચ્છ વસ્ત્ર પહેરીને બેસવું.
૩. પૂજામાં પત્નીએ પતિના જમણા હાથ તરફ બેસવું.

પૂજાને અંતે સૌ સભ્યોએ પરંપરાગત રીતે પરિવારના વડીલોને પ્રણામ કરી આશીર્વાદ પ્રાપ્ત કરવા.